# કપડા ના દાન આપી નવા વર્ષની શરૂ
# (પાટણ આર્ટસ કોલેજ ની નવા વર્ષ ભેટ)
# (૧૩૮ કુટુંબોને કપડાંના દાન અને પારલે બિસ્કીનાં પેકેટ ની વહેંચણી)

શ્રી અને શ્રીમતિ પી.કે કોટાવાલા આર્ટસ કોલેજ ઈતિહાસ વિભાગના ઈતિહાસ અભ્યાસ વર્તુળ દ્વારા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થી બહેનોએ ગરીબ કુટુંબોને કપડાં આપવાનો કાર્યક્રમ કર્યો હતો. પાટણનાં જુદા જુદા સ્થળોએ વસેલી ઝુંપડપટ્ટીઓની મુલાકાત લઈ રૂબરૂ જઈ ગરીબ ભાઈઓ – બહેનો અને છોકરીઓને કપડાં આપ્યા હતાં. રેલ્વે ફાટકની ઝુંપડપટ્ટીથી શરૂ કરી સિધ્ધપુર ત્રણ , રસ્તા ની ઝુંપડપટ્ટીઓ તથા લીલીવાડી અને શાંતિનિકેતન રેલ્વે ફાટક પાસે આવેલી ઝુંપડપટ્ટીની મુલાકાત લઈ ઠંડીમાં કપડાં નું દાન કરેલ આ કાર્યક્રમની શરૂઆત પ્રિ. ડાં. એલ.એસ. પટેલ દ્વારા કરવામાં આવી હતી. આ ઉપરાંત આ કાર્યક્રમમાં ડાં. ગજેન્દ્ર શ્રીમાળી એ તેનું સંપુર્ણ સંચાલન કર્યુ હતું. તેમની સાથે ડાં. ડી.કે. સોની, ડાં. એસ.એન. બકોત્રા એ પણ કપડાં ના દાન કર્યા હતા. દિલીપભાઈ દેસાઈ અને જગદીશભાઈ રાવલ દ્વારા કપડાં અને લગભગ ૫૦૦ જેટલા પારલેના પેકેટ બાળકોને વહેંચવામાં આવ્યા હતાં. સંપૂર્ણ સંચાલ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યુ હતુ. અને માર્ગદર્શક ડાં. જી.પી. શ્રીમાળી, ડાં. ડી.કે. સોની અને ડાં. એસ.એન બકોત્રા તથા એમ.એ ના વિદ્યાર્થીઓએ કર્યું હતુ. અને ૧૩૮ કુટુંબોને કપડાંના દાન આપી નવા વર્ષની શરૂઆત કરી હતી.

ડાં. ગજેન્દ્ર પી. શ્રીમાળી
અધ્યક્ષ
ઈતિહાસ વિભાગ